દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ, પાના નંબર :-૦૨
તારીખ :- ૨૨/૦૨/૨૦૨૬

7.88 કિમીના વિસ્તાર સાથે જોડાણ અને મહત્ત્વપૂર્ણ સ્થળોને મેટ્રો દ્વારા સીધી કનેક્ટિવિટી અપાઈ

# પ્રધાનમંત્રીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોના અંતિમ તબક્કાનું લોકાર્પણ કર્યું, સેક્ટર-10Aથી મહાત્મા મંદિર સુધી જોડાણ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ ગુજરાતના મહત્વપૂર્ણ પ્રવાસ દરમિયાન અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેસ-2નું લોકાર્પણ કર્યું હતું. પીએમએ લીલી ઝંડી બતાવી મેટ્રો રૂટ પર ટ્રેન રવાના કરી હતી. જે સેક્ટર 10A થી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રૂટને જોડશે. આ 7.88 કિમી લાંબા મેટ્રો રૂટમાં કુલ સાત સ્ટેશનો આવશે, જે મહાત્મા મંદિરને મોટેરા સ્ટેડિયમ સાથે સીધા ટ્રેક દ્વારા જોડશે અને વિસ્તૃત કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ રૂટનો મુખ્ય ઉદ્દેશ અમદાવાદ અને ગાંધીનગરમાં ઝડપી, સલામત અને ભરોસાપાત્ર પરિવહન પુરુ પાડવાનો છે. લોકાર્પણ સમયે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ઉપ મુખ્યમંત્રી હર્ષ સાંઘવી પણ હાજર રહ્યા હતા. ઉદ્ઘાટન બાદ સ્થાનિકો અને હાજર લોકોએ "જય સોમનાથ" ના નાદથી પ્રધાનમંત્રીનું અભિવાદન કર્યું હતું.





**સીએમએ જૂના સચિવાલય સુધી મુસાફરી કરી**

ફેસ-2ના લોકાર્પણ પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખમંત્રી હર્ષ સંઘવીએ મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધી મેટ્રોમાં મુસાફરી કરી હતી. મેટ્રો વિસ્તરણ દ્વારા એલડીઆરપી કોલેજ, ગિફ્ટ સિટી અને ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશનથી સીધી કનેક્ટિવિટી મળશે.

## કાલુપુરથી સીધા અક્ષરધામ પહોંચાશે

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર સંજય ગુપ્તાએ જણાવ્યું કે અત્યાર સુધી આ સેવા ઉપલબ્ધ નહોતી. આ નવા રૂટમાં અક્ષરધામ, સેક્ટર 16, સેક્ટર 24, જૂના સચિવાલય અને મહાત્મા મંદિરનો સમાવેશ થશે. અન્ય રાજ્યોમાંથી આવનારા લોકો ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન અથવા કલુપુર રેલવે સ્ટેશનથી સીધા અક્ષરધામ પહોંચી શકશે. મુસાફરો કલુપુર રેલવે સ્ટેશન પરથી મેટ્રો દ્વારા મહાત્મા મંદિર સુધી પહોંચી શકે છે.